ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરના યુવા વેપારી ચેતન સુખડિયાનું પણ સારવાર દરમિયાન અવસાન

**સે. ૨૧, ૨૨ અને સે. ૭ના વેપારીઓએ સ્વયંભુ બંધ પાળ્યો : સવારે કીર્તિભાઈની અને સાંજે ચેતનભાઈની અંતિમયાત્રામાં અનેક મોભીઓ જોડાયા : સ્મશાનગૃહમાં કીર્તિભાઈના પાર્થિવ શરીરને અગ્નિદાહ અપાયા બાદ પરિવારના વડીલોએ ચેતનના અવસાનની જાહેરાત કરતાં જ મુક્તિધામમાં ઉપસ્થિત સૌની આંખોમાં આંસુ છલકાયા**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના યુવા સાહસિક વેપારી તરીકેની આગવી ઓળખ ઉભી કરનાર ચેતન સુખડિયાનું આજે વહેલી સવારે અવસાન થયુ છે.



ગઈકાલે ગાંધીનગર-રાંધેજા માર્ગ પર વૃક્ષ સાથે ધડાકાભેર કાર ટકરાતાં તેમના કાકા કીર્તિભાઈ સુખડિયાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યુ હતુ. જ્યારે ચેતનભાઈ તેમના કાકી અને તેમના પત્નીને ભારે ઈજાઓ થતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

ગઈકાલે મોડી રાત્રે કીર્તિભાઈનો દિકરો વિદેશથી પરત આવ્યો હતો અને આજે સવારે સ્વ. કીર્તિભાઈ સુખડિયાની સે. ૨૩ના સૌરભ સોસાયટીના તેમના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળી હતી.

સ્વ. કીર્તિભાઈની અંતિમ યાત્રા સ્મશાને પહોંચી હતી ત્યારે જ અમદાવાદની હોસ્પિટલમાંથી ચેતનનું અવસાન થયાના સમાચાર આવ્યા હતા.

કીર્તિભાઈના પાર્થિવ શરીરને અગ્નિદાહ અપાયા બાદ પરિવારના વડીલોએ ત્યાં એકત્રિત વેપારીઓ, સ્વજનો, સમાજના અગ્રણીઓની હાજરીમાં ચેતનભાઈનુ અવસાન થયાની જાહેરાત કરી જણાવ્યુ હતુ કે આનુસંગિક પ્રક્રિયા પૂર્ણ થયા પછી ૪ વાગે ચેતનભાઈની સ્મશાનયાત્રા નીકળશે. ત્યારે સે. ૩૦ના સ્મશાનગૃમાં ઉપસ્થિત કોઈક જ એવો ચહેરો હશે જેની આંખમાં આંસુ નહિ છલકાયા હોય.

સુખડિયા પરિવાર પર તો આફતનું આભ તુટી પડ્યું છે. કીર્તિભાઈની અંતિમયાત્રામાં રાજ્યભરના સુખડિયા સમાજના આગેવાનો, વેપારીઓ, કર્મચારી અગ્રણીઓ, વિવિધ સામાજિક મોભીઓ, પત્રકારો, યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# માણસા સાલડી ગામના માર્ગનુ ૨ કરોડના ખર્ચે રીસરફેસીંગ કરાશે

**માણસા ઇટાદરા બોરુ સાલડી ગામને જોડતા માર્ગની સુધારણા કરતા ગ્રામજનોની હાલાકીનો અંત આવશે**

ગાંધીનગર તા ૨૨

માણસા ઈટાદરા બોરુ ગામને જોડતા માર્ગનુ અંદાજિત રૂ ૨ કરોડના ખર્ચ રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. માણસા વિહાર ગામનો જોડતા રસ્તાનુ પણ વાઇડનીંગ કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે આ કાર્યયોજના પાછળ પણ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. માણસા ઈટાદરા ગામથી બોરુ સાલડીને જોડતા માર્ગની સુધારણા માટે પણ લાંબા સમયથી માંગ ઉઠવા પામી હતી. જયારે હવે આગામી દિવસોમાં આ માર્ગની સુધારણા પણ કરી દેવાશે.

ગાંધીનગર જિલ્લામાં તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લાને જોડતા વિવિધ માર્ગોની સુધારણા તેમજ વાઇડનીંગનુ કામ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. માણસા વિહાર માર્ગના વાઇડનીંગનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માર્ગને રૂટમાં આવતા કેટલાક ગામોના ભાગમાં ફોરલેન પણ કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત માણસા વિહાર બોરુ સાલડી ગામને જોડતા માર્ગનુ પણ રીસરફેસીંગ કરાશે. આ ૭.૫૦ કી મીના માર્ગનુ રીસરફેસ હાથ ધરવા પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ કામગીરીને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરાશે. જિલ્લામાં માર્ગ સુધારણાના વિવિધ કામોનુ આયોજન કરવામા આવ્યુ છે. જયારે તબક્કવાર નવા કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. પરંતુ શહેરી વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે.

## વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પર સ્થિત એક ખેતરમાં

# ફુડ પોઈઝનીંગની અસરથી ૧૦ મોર સહિત ૧૩ પક્ષીઓના મૃત્યુ

**વનતંત્રએ સ્થળ પર સર્ચિંગ ઓપરેશન હાથ ધર્યુ : ખેતરમાં ઘઉંના પાક માટે છાંટવામાં આવેલી દવાની અસરથી દાણા ખાધા બાદ મોરને ફુડપોઇઝનીગ થયુ હોવાનુ તારણ : ૩ ટીંટોડી અને ૧ હોલાનુ પણ મોત : સે-૩૦ ના દવાખાનામાં પી એમ કરી મોરના મૃતદેહને વનચેતના કેન્દ્રમાં અગ્નિદાહ આપવામાં આવશે : મોર રાષ્ટ્રીય પક્ષી હોવાથી ગેઝેટેડ ઓફિસરની હાજરીમાં વિધિ કરાશે**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર નજીક સ્થિત વાવોલ પુંદ્રાસણ માર્ગ પર સ્થિત એક ખેતરમાં ફુડ પોઈઝનીંગ થવાના લીધે ૧૦ મોર મૃત હાલતમાં મળી આવ્યા છે. ઘઉંના પાકમાં નાંખેલી દવાના લીધે દાણા ખાવાથી મોરને ફુડ પોઈઝનીંગની અસર થતા મોરનુ મોત નિપજયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે મોર ઉપરાંત ૩ ટીંટોડી અને ૧ હોલાનુ પણ મોત થયુ છે. ઘટના અંગે સ્થાનિક ખેડુત દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવતા વનતંત્રએ ઘટના સ્થળે પહોંચી સર્ચિંગ હાથ ધર્યુ હતુ. આ દરમિયાન સઘળી હકીકત સામે આવી હતી. જયારે આ ઉપરાંત સ્થળ પર વેટરનરી ડોકટરે સારવાર આપી ૧૮ મોરનો જીવ બચાવી લીધો હતો. રાષ્ટ્રીય પક્ષી મોર સિડયુઅલ વન નુ પક્ષી હોવાથી મોરના મૃતદેહનુ પી એમ કરાવી વન ચેતના કેન્દ્ર ખાતે ગેઝેટેડ ઓફિસરની હાજરીમાં મૃત મોરને અગ્નિદાહ આપવામાં આવશે.



ગાંધીનગરના વાવોલ પુંદ્રાસણ માર્ગ પર રાધેશ્યામ ફાર્મ નજીક સ્થિત એક ખેતરમાં આજે સવારે ૧૦ : ૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન મૃત હાલતમાં મોર પડયા હોવાની જાણ એક ખેડુતે વન વિભાગને કરી હતી. જયારે આ અંગે જાણ થતા જ વન વિભાગના બોરીજ રેન્જના રેન્જ ફોરસ્ટ ઓફિસર ભરત દેસાઈ તેમજ તેમનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. વન વિભાગની ટીમે ખેતરમાં સર્ચિંગ હાથ ધરતા કુલ ૯ જેટલા મોર મૃત હાલતમાં મળી આવ્યા હતા. જયારે અન્ય ૧૮ મોરને પણ મુર્છિત હાલતમાં જોવા મળ્યા હતા. ખેતરમા ઘઉના પાક માટે છાંટવામાં આવેલી દવાના છંટકાવના લીધે દાણા ખાવાથી મોરને ફુડ પોઈઝનીંગની અસર થઈ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

### આ વિસ્તારમાં મોરની સંખ્યા વિશેષ ઘટના અંગે ઉંડાણપુર્વક તપાસ થશે

ખેતરમાં ટપોટપ પડેલા મોરના મૃતદેહની શોધખોળ માટે વનતંત્રએ હાથ ધરેલા સર્ચિંગ દરમિયાન સ્નેક લવર્સ એન જી ઓ એ પણ સહકાર આપ્યો હતો. આ વિસ્તારમાં મોરની સંખ્યા વિશેષ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે આ મામલે વનતંત્ર દ્વારા ઉંડાણપુર્વક તપાસ પણ હાથ ધરાશે. જયારે મોર રાષ્ટ્રીય પક્ષી હોવાના લીધે મૃત્યુના કારણ અંગે પણ ઉંડાણપુર્વકની તપાસ બાદ જવાબદાર સામે જરૂર પડે તો પોલીસ ફરિયાદ કરવા સુધીના પગલા લેવાય તેવી પણ સંભાવના છે.

વનતંત્રની ટીમના સર્ચ ઓપરેશન તેમજ સ્થળ પર વેટરનરી ડોકટરની મદદથી ફુડપોઈઝનીંગની અસર પામેલા ૧૮ મોરને પ્રાથમિક સારવાર આપી જીવ બચાવી લેવાયો હતો. ખેતરના પાકમાં દવા છંટકાવના લીધે મોરને ફુડ પોઈઝનીંગની અસર થઈ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ સ્તરે વિકાસ કામોનું ટકાઉપણુ નિયત કરાશે

**ગ્રામીણ કક્ષાએ આંતર માળખાકીય સુવિધાઓના કામો અંગે સમય મર્યાદા અને ગુણવત્તા નિયત કરવા હિલચાલ**

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૨૨

ગ્રામીણકક્ષાએ હાથ ધરાતા વિકાસ કામોના ટકાઉપણા અંગેની મર્યાદા નિયત કરવા માટેની દિશામાં સરકારના પંચાયત વિભાગે વિચારણા હાથ ધરી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને નાણાં પંચની ગ્રાન્ટ ઉપરાંત પંચાયતોના સભ્યો દ્વારા વિસ્તારના વિકાસ કામો માટે ફાળવવામાં આવતી રકમ, આયોજન મંડળમાં સૂચવાયેલ વિકાસના કામોની ગ્રાન્ટ તેમજ ધારાસભ્યો દ્વારા ફાળવવામાં આવતી વિસ્તાર વિકાસની ગ્રાન્ટ, એ.ટી.વી.ટી. હેઠળ હાથ ધરાતા વિકાસ કામો સહિતની ગ્રાન્ટ થકી વિકાસ કામો સ્થાનિક લેવલે હાથ ધરવામાં આવતા હોય છે.

વિકાસ કામો બેવડાય નહિ તે માટે સરકારે માર્ગદર્શક સિદ્ધાંતો પણ નિયત કર્યા છે. હવે સરકાર આ વિવિધ વિકાસ કામોના ટકાઉપણા અંગે પણ સમય-મર્યાદા નિયત કરવા માગે છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાં જે વિવિધ વિકાસ કામો હાથ ધરાય છે તેના ટકાઉપણા અંગેનો ગાળો પણ નિયત કરવો જરૂરી બન્યો છે. જેથી વિકાસ ટકાઉ બને એટલુ જ નહિ પણ ભવિષ્યમાં તેની મરામત જાળવણી માટે શું ખર્ચ થશે તેનો અંદાજ પણ મુકી શકાય.

સચિવાલયના સૂત્રો એવી દલીલ કરી રહ્યા છે કે જેમ માર્ગ માટે ત્રણ વર્ષની ગેરંટી કોન્ટ્રાક્ટર પાસેથી મેળવવામાં આવે છે તે જ પ્રમાણે આ વિકાસ કામો અંગે પણ આવી ગેરંટી એજન્સીઓ પાસેથી મેળવવી જોઈએ.

તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારીઓની મળેલ બેઠકમાં આ મુદ્દાને લઈ વિસ્તૃત ચર્ચાઓ પણ થઈ હતી. આ માટે તેમની પાસેથી ટકાઉપણાની સમયમર્યાદા માટે અભિપ્રાયો પણ માંગવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં બનતા સી.સી. રોડ, મકાન, પેવરબ્લોક્સ, કમ્પાઉન્ડ વૉલ, આડબંધ, પ્રોટેક્શન વોલ જેવા વિકાસના કામો હાથ ધરવામાં આવે છે ત્યારે સી.સી. રોડનું ઓછામાં ઓછુ ટકાઉપણુ કેટલુ હોવુ જોઈએ જેથી તે સમય-મર્યાદામાં સી.સી. રોડને નુકશાન થાય તો પંચાયતના ખર્ચે અને જોખમે વસુલ કરાવવા બાબતે ટેકનીકલ ઓફિસરોની ટીમને સાથે રાખી તેમની સાથે પરામર્શ કરી સમય-મર્યાદામાં અભિપ્રાય આપવા જિલ્લા વિકાસ અધિકારીઓને જણાવવામાં આવ્યુ છે.

ગ્રામીણસ્તરે પ્રધાનમંત્રી સડક યોજના, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના માર્ગો પણ બનાવવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બટાટાની વિક્રમી ખેતી

**બટાટાનું ત્રણ વર્ષની સરેરાશ કરતાં પણ ૮૦૦ હેક્ટરમાં વધુ વાવેતર કર્યુ : રવિ સીઝનમાં હવામાનની સાનુકૂળતાને ખેડૂતો પણ વાવેતર માટે ઉત્સાહી**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આ વખતે રવિ સીઝન દરમ્યાન શાકભાજીના રાજા તરીકે ઓળખાતા બટાટાનું વિક્રમી વાવેતર થવા પામ્યુ છે. જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સરેરાશ ૮૩૫૦ હેક્ટરમાં બટાટાનું વાવેતર થયુ હતુ પરંતુ આ વખતે તે વિક્રમ તોડીને ૯૧૬૯ હેક્ટરમાં વાવેતર અત્યાર સુધીમાં થયુ છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં અને ઠંડીના જામતા જતા વાતાવરણને કારણે ખેડૂતો બટાટાની ખેતી માટે વધુ ઉત્સાહી બન્યા છે. બટાટાની ખેતીના નવા વિક્રમ પાછળ કોન્ટ્રેક્ટ ફાર્મિંગ પણ મહત્વનું પરિબળ જોવા મળ્યુ છે. આ ઉપરાંત બટાટાના બજારભાવ હાલ સારા હોવાથી પણ ખેડૂતો આકર્ષાયા છે.

જિલ્લામાં સૌથી વધુ બટાટાનું વાવેતર દહેગામ તાલુકામાં ૪૩૭૩ હેક્ટર, ગાંધીનગરમાં ૨૫૨૨ હેક્ટર, કલોલમાં ૩૯૨ હેક્ટર અને માણસામાં ૧૮૮૨ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં બટાટાની સરેરાશ ખેતી કરતાં ૮૦૦થી પણ વધુ હેક્ટર વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળ્યો છે અને વિક્રમી વાવેતર થવા પામ્યુ છે.

રવિ સીઝનની આરંભે જ બટાટાના બિયારણમાં રૂ. ૧૦૦ થી ૧૫૦ સુધીનો ભાવ-વધારો પણ નોંધાયો હતો ત્યારે જિલ્લામાં આ પાકનું વાવેતર સરેરાશ જાળવી રાખશે તેમ મનાતુ હતુ પરંતુ આ પાકના વાવેતરે જિલ્લામાં આ સીઝનમાં એક નવો વિક્રમ બનાવ્યો છે. હજુ પણ આ પાકનું વાવેતર વધશે અને તે ૧૦ હજાર હેક્ટર સુધી પહોંચશે તેવુ મનાઈ રહ્યું છે.

રવિ સીઝનના વાવેતર માટે આ અંતિમ સપ્તાહ મનાઈ રહ્યુ છે. જો કે જિલ્લામાં અત્યાર સુધીમાં રવિ સીઝનનું વાવેતર ૬૩,૮૩૧ હેક્ટરમાં સંપન્ન થઈ ચુક્યુ છે.

આ વખતે બટાટા ઉપરાંત મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર પણ ૨૫,૩૬૮ હેક્ટર જેટલુ થયુ છે જે વખતે વિક્રમી વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે.

ચણાના પાકનું વાવેતર ૪૧૨ હેક્ટરમાં, રાઈના પાકનું વાવેતર ૫૨૭ હેક્ટરમાં, તમાકુનુ વાવેતર ૩૩૨૪ હેક્ટરમાં, સવાનું વાવેતર પાંચ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૧૨૧૬ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૫૩૮૪ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૧૮,૪૨૫ હેક્ટરમાં નોંધાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રામકથા મેદાનમાં કરણી સેનાની ભવ્ય રેલી





ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે આજે કરણી સેના દ્વારા ભવ્ય રેલી યોજાઈ હતી. કરણી સેના દ્વારા મુખ્ય ચાર માંગો સાથે આ રેલી યોજાઈ હતી. જેમાં એસસી, એસટી, એકટમાં સંશોધન, ગાયને ગૌ માતા જાહેર કરવાની માંગણી, અનામતમાં ફેર વિચારણા, અને બળાત્કારીઓને કડકમાં કડક સજા સહિતની માંગ કરણી સેના દ્વારા કરાઈ છે. રામકથા મેદાન ખાતે કરણી સેનાના કાર્યકરો અને સાધુ-સંતો રેલીમાં મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ રેલી પ્રસંગે કરણી સેનાના ગુજરાતના અધ્યક્ષ રાજ શેખાવત જણાવ્યું હતું કે એસસી, એસટી સમાજને ન્યાય મળે તેનાથી અમને વાંધો નથી,પરંતુ સવર્ણ સમાજ માટે કોઈએ તો અવાજ ઉઠાવવો પડશે, સરકારને અમે રજુઆત કરીશુ , સરકારે અમારી વાત સાંભળવી પડશે. અમારી માંગણી રાષ્ટ્રહીતમાં છે,તમામ સમાજનું સમર્થન છે. રાજયના છેવાડાના માનવી રામકથા મેદાન ખાતે આવેલા છે. કરણી સેના દ્વારા મુખ્ય ચાર મુદ્દાઓને લઈ સરકારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. જયારે ઉપસ્થિત સાધુ-સંતોએ જણાવ્યું હતું કે ગાયને રાષ્ટ્રીય ગૌ માતા જાહેર કરવામાં આવે, તેમજ ગુનેગારો ફાંસીના માંચડે ચઢાવવામાં આવે, પરંતુ કોઈને ખોટી સજા ન થાય તે માટે કરણી સેનાની એટ્રોસીટી એકટમાં સંશોધનની માંગ કરી છે. જ્ઞાતિના વાડા અનુસાર નહીં પરંતુ તમામ નાગરીકોને અનામત મળે તેવી માંગ કરણી સેના દ્વારા કરવામાં આવી હતી. કરણી સેનાની રેલીને લઈ આજે સવારથી જ રામકથા મેદાન ખાતે કરણી સેનાના કાર્યકરો આવી પહોંચ્યા હતા. રામકથા મેદાન કરણી સેનાના કાર્યકરોથી ઉભરાઈ ગયું હતું. જયારે રેલીને પગલે ચા-પાણી અને નાસ્તાની લારીઓ પણ ગોઠવાઈ ગઈ હતી. સવારથી જ કાર્યકરોના ધસારાને પગલે વેપારીઓને પણ બખ્ખા થઈ ગયા હતા. જયારે હજ્જારોની સંખ્યામાં ઉમટી પડેલા કરણી સેનાના કાર્યકરોને પગલે સેકટર-૧૧ તેમજ આસપાસના સેકટરોમાં ઠેરઠેર ગાડીઓનો ખડકલો જોવા મળ્યો હતો. જયારે મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

# રાજ્યમાં ઠંડીથી આંશિક રાહત મળવાની સંભાવના

**લઘુત્તમ તાપમાન હાલમાં યથાવત રહેવાની શક્યતા**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સહિત રાજ્યના જુદા જુદા ભાગોમાં તાપમાનમાં ઉતાર ચઢાવની સ્થિતિ જારી રહી છે છતાં તીવ્ર ઠંડીનું મોજુ અકબંધ રહ્યું છે. આજે પણ સવારથી જ ઠંડીનું મોજુ રહ્યું હતું. જોકે છેલ્લા બે દિવસની સરખામણીમાં આજે ઓછી ઠંડીનો અનુભવ થયો હતો. એકબાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન આજે રવિવારના દિવસે ૧૭ ડિગ્રી રહ્યું હતું. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં હજુ પણ બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે. શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરમાં આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા અને લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેત છે. હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com